## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મેનેજર જાય તો પછી ચોકીદારનું મહત્ત્વ ઓછું જ થાય ને...!!

# ખાનગી એમ્બ્યુલન્સનો ચાલક બાઈકચાલકને ટક્કર મારી ફરાર

સામાન્ય રીતે તો દર્દીઓને એમ્બ્યુલન્સમાં લઈ જવાય છે. પરંતુ તાજેતરમાં બનેલા રાંધેજા-વાસણ તરફના માર્ગ પર બનેલા બનાવમાં એમ્બ્યુલન્સનો ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. તે ચાલકે માનવતા નેવે મુકી એમ્બ્યુલન્સ દોડાવી મુકી હતી, પરંતુ ઘાયલ બાઈક ચાલકને પાછુ વળીને જોવાની પણ તસ્દી લીધી ન હતી. ત્યારે બાઈક ચાલક ક્રિપાલસિંહની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે ગુનો નોંધી ફરાર એમ્બ્યુલન્સના ચાલકને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ માણસા અભેસિંહના માઢ ખાતે રહેતા ક્રિપાલસિંહ સુરેન્દ્રસિંહ રાઓલ ઉંવર.૩૨ તા. ૮ ના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં રાંધેજાથી વાસણ ગામ તરફના માર્ગે બાઈક લઈને જઈ રહ્યા હતા. ત્યારે એમ્બ્યુલન્સ નં. જી.જે.૧૮.એ.એક્સ -૩૯૩૮ ના ચાલકે એમ્બ્યુલન્સ ગફલતભરી રીતે હંકારતા બાઈકને ટકકર વાગતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાયો હતો. બાઈક ચાલકને હાથપગે ફેકચર થયું છે. પરંતુ અકસ્માત સર્જીને ભાગી જનાર એમ્બ્યુલન્સના ચાલકે ઉભા રહીને બાઈક ચાલકને સારવાર માટે લઈ જવાની પણ તસ્દી લીધી ન હતી. અને અકસ્માત કરીને ભાગી ગયો હતો. ત્યારે બનાવ અંગે બાઈક ચાલકની ફરિયાદને આધારે પેથાપુર પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

> પેથાપુર પાસે આવેલા ફતેપુરા ગામના અનિલ ઠાકોર ગતરોજ બપોરના સુમારે પેથાપુર ચાર રસ્તા પાસેથી એકટીવા લઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે ગાંધીનગરથી પેથાપુર તરફ આવી રહેલી સ્કુલ બસ નં. જી.જે.૧૮.એક્સ- ૨૧૭૬ અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચાલક અનિલ ઠાકોરને પગે ફેકચર થવા પામ્યું છે.જયારે બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# રાજ... મધ્યે... ''છત્તીસ''નો આંકડો..!!!

## ચૂંટણીના પરિણામોની સાથે સાથે સોશ્યલ મિડિયાના ચમકારા

''આ વર્ષે થયેલા ઓછા વરસાદને પગલે કમળનો પાક સદંતર નિષ્ફળ નિવડ્યો છે'' આ કોઈ ખેતી વિષયક સમાચાર નથી પરંતુ આજે જાહેર થયેલા પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓના પરિણામને પગલે સોશ્યલ મિડિયા પર વહેતા થયેલા કટાક્ષમય ચબરાકિયાં પૈકીનું એક છે. આજે સ્માર્ટ મોબાઈલ ફોન અને સસ્તા ફોર-જી ઈન્ટરનેટને પગલે સોશ્યલ મિડિયા સમાજમાં મોટા પ્રભાવ ધરાવે છે અને દરેક નાની-મોટી ઘટનાને નેટીઝન્સ તુરંત જ સોશ્યલ મિડિયા પર તેનો પ્રતિભાવ આપે છે જેમાં ખાસ કરીને કટાક્ષયુક્ત ચબરાકિયાં ખૂબ પ્રચલિત છે. આજે દિવસ દરમ્યાન

- બ્રેકિંગ ન્યુઝ : છત્તીસગઢ તરફથી રાજસ્થાન, મધ્યપ્રદેશ થઈને એક વાવાઝોડુ ગુજરાતના જસદણ તરફ આગળ વધી રહ્યું છે જે વર્ષો જુના 'બાવળિયા' ઉખાડીને ફેંકી દેશે.
- ચૂંટણીના પરિણામો જોઈને મોદીએ યોગીને પુછ્યું ''હવે શું કરીશુ ?'' યોગીનો જવાબ : ''કોંગ્રેસનું નામ બદલીને ભાજપ રાખી દઈએ.''
- અમિત શાહ મોદીને : પૂર્ણ બહુમતી મળે તેવુ નથી લાગતુ, તમે કહો તો હું શિકાર પર નીકળુ ?
- ''પપ્પુ'' જીતી ગયું અને ''ગપ્પુ'' હારી ગયું.
- આજના પરિણામથી સૌથી વધુ ખુશ ''ઈવીએમ'' મશીન હશે.
- ઈલ્ઝામ થા કી બડી બેવફા હૈ ઈવીએમ,
  શુક્ર હૈ ઈસ ચુનાવ કી અગ્નિ પરીક્ષામેં ઈવીએમ સતી સાવિત્રી બનકર નીકલી
- ખબરદાર જો કોઈએ ઈવીએમ મશીન બાબતે સવાલ કર્યો તો, આજે તો બધાજ ઈવીએમ મશીન ઠીક થઈ ગયાં છે.
- જોધપુરમાં ''આશારામ'' આગળ ચાલી રહ્યાં છે, તેમની પાછળ બે પોલીસવાળા ચાલી રહ્યાં છે.
- રાજ... મધ્યે... ''છત્તીસ''નો આંકડો.
- ફટાકડા મળશે, અડધી કિંમતે, સ્થળ : ભાજપ કાર્યાલય
- આ તો સાલુ ''ભાજપ મુક્ત ભારત''નો ટ્રેન્ડ શરૂ થયો હોય તેવું લાગે છે.
- ઝાલરાપાટન મેં વસુંધરા રાજે આગે ચલ રહી હૈ... ઉનકે પીછે પુરી બીજેપી લઠ લેકે ખડી હૈ.
- વિકાસ ટેન્શનમાં આવી ગયો.
- મને તો હાલ એક જ ચિંતા થાય છે કે ભાજપ હારશે તો ''વિકાસ''નું શું થશે.
- ભાજપ : ૮૬, કોંગ્રેસ : ૯૦, અમિત શાહ : ૨૩
- અંતે કોંગ્રેસે પણ ઈવીએમ હેક કરવાનું શીખી લીધુ.
- સવારના ૮ વાગ્યાથી ગણી રહ્યાં છે, ૬ વાગ્યા આવ્યાં, આ એમપીમાં વૉટીંગ થયુ છે કે નોટબંધી ?
- પોતાના સ્પર્ધકને ''પપ્પુ'' સાબિત કરવામાં નુકશાન થઈ શકે છે, પપ્પુથી હાર્યા પછી તમે ''મહા પપ્પુ'' કહેવાઈ શકો છો.

## ગુજરાત સચિવાલય એન્ડ એપ્લાઇડ ઓફિસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશનનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સચિવાલય એન્ડ એલાઈડ ઓફિસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસીએશન દ્વારા તાજેતરમાં ગાંધીનગર ખાતે નૂતનવર્ષનો સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સચિવાલયના સ્ટેનોગ્રાફર્સ સભ્યો તેમના પરિવારજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં વર્ષ-૨૦૧૮ના વર્ષમાં વય મર્યાદાથી નિવૃત્ત થયેલા સ્ટેનોગ્રાફર્સ કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ગીત-સંગીતના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભને સફળ બનાવવા માટે એસોસીએશનના પ્રમુખ એ.એમ.ગાંધી, ઉપપ્રમુખ આર.કે.અસોડા, મહામંત્રી વત્સલ વોરા, સહમંત્રી હરેશ સોની અને જિતેન્દ્ર સોની, ખજાનચી રમેશ ખરાડી અને આંતરિક ઓડિટર અજય રાણા અને મહિલા પ્રતિનિધિ દિપીકાબેન ઠાકર અને સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સે. ૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં બી.એડ. તાલીમાર્થીઓનો સેવાયજ્ઞ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.એડ. શિક્ષણના પાઠ આપી રહ્યાં છે. આ સાથે તેઓ શાળામાં પ્રાર્થના દરમ્યાન ગીત-ભજન, ક્વીઝ સ્પર્ધા, ભરત પટેલના માર્ગદર્શન અંતર્ગત સેક્ટર-૧૬ની મહાત્મા ગાંધી વિદ્યા મંદિરમાં પોતાની સેવાઓ આપી



કોલેજના ૧૫ જેટલાં તાલીમાર્થીઓ સેક્ટર-૧૨ સ્થિત મહાત્મા ગાંધી વિદ્યામંદિરના ધોરણ-૯ અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મદદરૂપ બનીને સમાચાર વાંચન સહિત લઘુ નાટિકા જેવા કાર્યક્રમો પીરસી બાળકોનું જ્ઞાન વધારવામાં મદદરૂપ બની રહ્યાં છે.

બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ તેમના પ્રાધ્યાપક ડૉ. રહ્યાં છે.

વિદ્યાર્થીઓને પ્રાર્થના દરમ્યાન જ્ઞાન સાથે ગમ્મતરૂપે સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવાથી માંડીને વિવિધ સ્પર્ધાઓ યોજી રહ્યાં છે અને ધો. ૯ અને ધો. ૧૧ના બાળકોને અભ્યાસ પણ કરાવી રહ્યાં છે. આ કાર્ય માટે શાળાના આચાર્યા કોકીલાબેન કટારા તથા નિયામક નટુભાઈ લાડાણી દ્વારા પુરતો સહયોગ પુરો પાડવામાં આવી રહ્યો છે.

### સી.એમ. હાઈસ્કૂલના શિક્ષકે ગણિતનો ક્લાસ લીધો

મહાત્મા ગાંધી વિદ્યા મંદિર ખાતે ગત શનિવારે ધોરણ-૧૦ના બોર્ડના ૧૦૦ જેટલાં વિદ્યાર્થીઓ માટે ગણિત વિષયને સરળ રીતે કેવી રીતે શીખી શકાય તે માટે સી.એમ. હાઈસ્કૂલના શિક્ષક હરિભાઈ પટેલે વિશેષ ક્લાસ લીધો હતો અને વિદ્યાર્થીઓનો ડર દૂર કર્યો હતો. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષક હરિભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## શનિવારે ડૉ. આંબેડકર હોલમાં સ્મિત મ્યુઝિક આયોજિત ''ઈક હસીન શામ'' ટ્રેક શૉ

ગાંધીનગરના ''સ્મિત મ્યુઝિક'' દ્વારા આગામી તા. ૧૫મી ડિસેમ્બર શનિવારના રોજ રાત્રે ૯ કલાકે શહેરના નવોદિત, જુનિયર-સિનિયર મેલ-ફિમેલ કલાકારોના ફિલ્મી ગીતોનો ટ્રેક શૉ ''ઈક હસીન શામ'' સેક્ટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં શ્રોતાઓને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. સ્મિત મ્યુઝિક દ્વારા શહેરના નવોદિત ગાયકો જેઓ નવા-જુના વિવિધ મધુર હિન્દી ફિલ્મી ગીતોની નાઈટ કાર્યક્રમોમાં ડગ માંડવા થનગની રહ્યા છે તેઓ પરફોર્મન્સ આપતા નજરે ચઢશે. આ કાર્યક્રમને એટ્રીઆ બીઝનેસ હબના હસમુખ પટેલ, ઉમિયા ઈલેક્ટ્રીકલ, નટરાજ રિસોર્ટ્સ, પ્રિન્ટિંગ સહયોગી ચેતન સુખડિયા વગેરે દ્વારા સહકાર પ્રાપ્ત થયો છે. તેવુ સ્મિત મ્યુઝિકના કેરીઓકે સંચાલક જ્યોતિ ગજજર તથા ભરત ગજજરે જણાવ્યું છે.

## દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઇના જન્મદિવસે પુષ્પાંજલિ અપાશે

શ્રી દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈના ૧૩૨મા જન્મદિવસે આગામી તા. ૧૯ ડિસેમ્બર-૨૦૧૮ બુધવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું વિધાનસભા અધ્યક્ષશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શ્રી દરબાર સાહેબ ગોપાળદાસ દેસાઈના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવે જણાવાયું છે.

# ચંદ્રાલા પાસેથી રીક્ષામાં થતી બીયરની હેરાફેરી ઝડપાઈ

## અરવલ્લીથી બિયરના ટીન ભરીને રીક્ષામાં આવેલા બંને શખ્સો આ માલ ગાંધીનગરના કોઈ બુટલેગરને ત્યાં લાવવાના હતા

હિંમતનગર ચિલોડા હાઈવે ઉપર ચંદ્રાલા પાટિયા પાસે પોલીસ વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે એક રિક્ષામાં બિયરનો જથ્થો ભરીને બે ખેપિયાઓ ચિલોડા તરફ આવી રહ્યા છે. પોલીસે ચંદ્રાલા પાસેથી આ બાતમીવાળી રીક્ષા પકડી પાડી હતી અને રિક્ષામાં તપાસ કરતાં અંદરથી બહાર ૯૨ નંગ બીયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બિયરનો જથ્થો જપ્ત કરી રિક્ષામાં તેની હેરાફેરી કરી રહેલા બન્ને ખેપિયાઓની ધરપકડ કરી લીધી છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ બંને ખેપિયાઓએ અરવલ્લીથી બીયરનો માલ ભર્યો હતો અને ગાંધીનગરના કોઈ બુટલેગરને આપવા જઈ રહ્યા હતા. પોલીસે તે દિશામાં ઊંડી તપાસ આરંભી છે.

ચિલોડા પોલીસની ટીમ ચંદ્રાલા વાહન ચેકીંગ પોઈન્ટ પર હતી ત્યારે પોલીસ કોન્સ્ટેબલને બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી પાસિંગ વગરની રીક્ષામાં દારૂ-બીયર ભરીને ચંદ્રાલા થઈને ચિલોડા તરફ જનાર છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને રીક્ષાને ચંદ્રાલાથી પકડી પાડી હતી. રીક્ષામાંથી અરવલ્લીનાં તાબિયાડ ફળી વિસ્તારના મુકેશ વાલજીભાઈ તાબિયાડ અને અરવલ્લીના ભિલોડા તાલુકાના જીંજુડી વિસ્તારના પંકજ દિતાભાઈ ખરાડી પકડાઈ ગયા હતા. રીક્ષામાં તપાસ કરતાં અંદરથી બિયરના ૯૨ ટીન મળી આવ્યા હતા. ચિલોડા પોલીસે ચંદ્રાલા પાસેથી રીક્ષામાં લઈ જવાતા ૯૨ નંગ બિયરના ટીન ઝડપી પાડ્યા હતા. બીયર તથા ૧ લાખના કિંમતની રીક્ષા અને ૧ હજારની કિંમતના બે મોબાઈલ મળી કુલ રૂ.૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ માલ જપ્ત કરીને બિયર ક્યાથી લાવ્યા તે અંગે પૂછતા આરોપીઓએ પોલીસને જણાવ્યુ છે કે અરવલ્લીના ટોરડા ગામે રહેતાં આકાશ પ્રેમજીભાઈ પટેલે બીયરની રીક્ષા ભરી આપી હતી. બીયરનો આ જથ્થો ગાંધીનગરમાં સપ્લાય કરવાનો હતો. જેને પગલે પોલીસે પકડાયેલા બંને આરોપીઓ અને આકાશ વિરૂદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને અરવલ્લીના આકાશને ઝડપી લેવા અને ગાંધીનગરમાં દારૂનો જથ્થો કયા બુટલેગરને પહોંચાડવાનો હતો તેના સુધી પહોંચવા ઉંડી તપાસ શરૂ કરી છે.

# સ્કૂલ બેન્ડ સ્પર્ધામાં ગુજરાતની કુમાર અને કન્યાની ટીમ પ્રથમ નંબરે

ગાંધીનગર, તા. ૧૧

સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા આજે ઝોન કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન આધાર શિલા સ્કુલ, વલાદ, ગાંધીનગર હતું. જેમાં રાજયની કુમાર ટીમમાં લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ, બોપલ, અમદાવાદ અને કન્યા ટીમમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિધા મંદિર, ભુજ-કચ્છની પસંદગી હતી. બીજા નંબરે મહારાષ્ટ્ર રાજયની સન ફલેગ, બાન્દ્રાની ટીમ વિજેતા બની હતી. તેમજ કુમાર વિભાગમાં પ્રથમ ક્રમે ગુજરાતની લક્ષ્મણ જ્ઞાનપીઠ,



ખાતે કરવામાં આવ્યું હતું. બેન્ડ સ્પર્ધાને રાજયના સમગ્ર શિક્ષા અભિયાનના પ્રોજેકટ ડાયરેકટર પી. ભારતી અને નવી દિલ્હીના સીનીયર કન્સલટન્ટ, એડશીલ કે. ગીરીજાશંકરે દીપ પ્રાગટય કરીને ખુલ્લી મુકી હતી. આ સ્પર્ધામાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, દાદરાનગર હવેલીની ટીમોએ ભાગ લીધો હતો. ઝોન સ્પર્ધામાં ગુજરાતની કન્યા અને કુમારની ટીમો પ્રથમ સ્થાને રહી હતી.

તાજેતરમાં ગુજરાત રાજય કક્ષાની ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધાનું આયોજન ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે કરવામાં આવ્યું ઝોન કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતની ટીમ તરીકે પસંદગી થઈ હતી. સ્કુલ એજયુકેશન એન્ડ લિટરન્સી વિભાગ દ્વારા ઝોન કક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાની આધારશિલા સ્કુલની પસંદગી કરવામાં આવી હતી. આજે તા. ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ આ ઝોન કક્ષાની સ્પર્ધામાં યોજાઈ હતી. ઝોન કક્ષાની સ્પર્ધામાં અલગ- અલગ ઝોનની ચાર કુમાર અને બે કન્યાની ટીમોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં કન્યા વિભાગમાં પ્રથમ નંબરે ગુજરાતની શ્રી સ્વામિનારાયણ કન્યા વિધા મંદિર, ભૂજ-કચ્છની ટીમ રહી સંસ્કારધામ, બોપલની ટીમ વિજેતા બની હતી. જયારે બીજા ક્રમે મહારાષ્ટ્રની ધ્યાન માતા હાઈસ્કુલ, અમરાવતીની ટીમ વિજેતા બની હતી. ઈન્ટર સ્કુલ બેન્ડ સ્પર્ધા દેશના ૬ ઝોનમાં યોજાશે. ત્યારબાદ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા યોજાશે. જે પ્રજાસત્તાક દિન-૨૦૧૯ ઉજવણી પહેલા પૂર્ણ થશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર શિક્ષા અભિયાન ઓઆઈસી- વોકેશનલ એજ્યુકેશન બી.એમ. સોંલકી અને સમગ્ર શિક્ષા અભિયાનના તથા આધારશિલા સ્કુલના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## સહયોગ મંડળ દ્વારા જરુરીયાતમંદ દર્દીઓને દવાની સહાય અપાઈ

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા સહયોગ મંડળ દ્વારા તાજેતરમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે રકતની અછત સર્જાઈ હતી. સહયોગ મંડળને આ વાત ધ્યાને આવતા રકત દાતાઓને તાત્કાલીક ફોન કરીને બોલાવતા દાતાઓએ રકતદાન કર્યું હતું. જયારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે આવતા કેટલાક જરુરીયાત મંદ દર્દીઓને સંસ્થા દ્વારા આ માસમાં ૧૫ હજાર રૂપીયાથી વધુની દવાની સહાયતા કરવામાં આવી છે.જયારે સંસ્થાના સુકેતુ મહેતાએ પણ ૧૪૧ મી વાર રકતદાન કર્યું હતું જયારે આ કાર્યમાં સુકેતુ મહેતા, વી.પી.પ્રજાપતિ, ડી.એમ.પરમાર, આર.કે.સુથાર, દિલિપસિંહ સહિતના સભ્યોએ સેવા આપી હતી.

## એરપોર્ટ ઉપર ટર્મિનલ-૨માં ગેટનો કાચ તોડીને કાર ઘૂસી

અમદાવાદ સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૨માં આજે અચાનક એક ઈકો કાર ટર્મિનલ-૨ના એકઝીટ ગેટનો કાચ તોડી અંદર ઘૂસી જતાં એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પેસેન્જરો સહિત ખુદ એરપોર્ટ પર તૈનાત સુરક્ષા કર્મચારીઓ અને અન્ય સ્ટાફ કર્મચારીઓ પણ આ વિચિત્ર અકસ્માત જોઈ ચોંકી ઉઠયા હતા અને થોડીવાર માટે ગભરાઇ ગયા હતા. બનાવને પગલે એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા માટે લગાવાયેલી સાયરનો ધણધણી ઉઠી હતી અને તેને લઈ એક તબક્કે ગભરાહટનો માહોલ પ્રસરી ગયો હતો. જો કે, પોલીસે અને સુરક્ષા જવાનોએ સમગ્ર પરિસ્થિતિ જાણી મામલો થાળે પાડયો હતો. આ સમગ્ર બનાવની વિગત એવી છે કે, અમદાવાદ સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના ટર્મિનલ-૨માં આજે અચાનક એક ઈકો કાર નંબર-જીજે-૦૧-આરવાય-૦૮૫૮ના કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર એકિઝટ ગેટનો કાચ તોડી આર-પાર થઈ ગઈ હતી.



ગાંધીનગરના સેકટર-૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની હોસ્ટેલ ખાતે આજે હૈદ્રાબાદ ખાતે હેન્ડબોલની રમત માટે બૉયઝ સ્પોર્ટસ કંપની આર્ટિલટી સેન્ટર માટે પસંદગી પ્રક્રિયા યોજાઈ હતી. આ પસંદગી પ્રક્રિયામાં ધોરણ-૬ થી ૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પસંદગી પ્રક્રિયા સાઈના હેન્ડબોલ કોચ એસ.એમ. ધુમાલ તથા આર્મી ટીમના ખૈલન કહાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં શિશુ મૃત્યુ દર ૧૦ સુધી લઈ જવા પ્રયાસો કરાશે

એકેડમી ઓફ પીડિયાટ્રીક્સ, ગુજરાત દ્વારા નવજાત શિશુથી કિશોરોના સ્વાસ્થ્યને આવરી લઈ હેલ્ધી ચાઈલ્ડ, હેપી ફેમીલી અને હાર્મનીયસ નેશનની થીમ અંતર્ગત હવે ગુજરાતના બાળકોને વધુ હેલ્ધી એન્ડ ફીટ રાખવામાં આવશે. ગુજરાતમાં હાલ શિશુ મૃત્યુ દરનો રેશ્યો હજારે ૩૦થી વધુનો છે, તે ઘટાડીને ૧૦ સુધી લાવવાનો હવે ગુજરાતમાં પ્રયાસ કરાશે. એટલું જ નહી, એકેડમી ઓફ પીડિયાટ્રીક્સ, ગુજરાત હવે આવતા વર્ષે શિશુ મૃત્યુ દરનો રેશ્યો ૧૦ સુધી લાવવા માટે રાષ્ટ્રીયકક્ષાએ અભિયાન છેડાશે એમ અત્રે એકેડમી ઓફ પીડિયાટ્રીક્સ,ગુજરાતના પ્રમુખ ડો.નિશ્ચલ ભટ્ટ, સેક્રેટરી ડો.કિરણ શાહ અને એકેડમી ઓફ પીડિયાટ્રીક્સ, અમદાવાદના પ્રમુખ ડો.મનીષ મહેતાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એકેડમી ઓફ પીડિયાટ્રીકસ, ગુજરાત દ્વારા નવજાત શિશુથી કિશોરોના સ્વાસ્થ્યને આવરી લઈ હેલ્ધી ચાઈલ્ડ, હેપી ફેમીલી અને હાર્મનીયસ નેશનની થીમ અંતર્ગત યુનિસેફ, ગુજરાત સ્ટેટ એઈડ્ઝ કંટ્રોલ સોસાયટી અને ગુજરાત સરકારના સહયોગથી સમગ્ર વર્ષ દરમ્યાન ઘણી બધી રચનાત્મક અને નોંધનીય પ્રવૃત્તિ હાથ ધરાઈ હતી.

# ભાજપના અહંકારને પ્રજાએ હવે ફગાવી દીધો : શંકરસિંહ

ગાંધીનગર, તા.૧૧

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામોને લોકસભાની ચૂંટણી માટેના ફિલ્મનું ટ્રેલર ગણાવતા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપને આડા હાથે લેતાં જણાવ્યું હતું કે, રામના નામે પથરા ભલે તરે, પરંતુ ભાજપ નહીં જ તરે. આ ચૂંટણી પરિણામોનું શ્રેય પ્રજાને આપતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, સત્તાના અહંકારમાં રૂપિયાથી મત ખરીદી શકાતા હોવાના ભાજપના અહંકારને પ્રજાએ ફગાવી દીધા છે. તેમણે પરિણામોના એક દિવસ પહેલા આરબીઆઈનાં ગવર્નર ઊર્જિત પટેલે આપેલા રાજીનામાને સાચી દિશાનું પગલું જણાવતા કહ્યું કે, ત્રણ લાખ કરોડ રૂપિયા ભાજપ સરકારને ચૂંટણીમાં ઉડાવવા માટે અપાય નહીં. પાંચ રાજયોના ચૂંટણીના પરિણામો અંગે પ્રતિભાવ આપતા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, ભાજપ દ્વારા જુઠ્ઠા વચનો આપવા સાથે ડરાવી-લલચાવીને સત્તા મેળવવાના કરાયેલા પ્રયાસો સામે મતદારોએ લાલ આંખ કરી છે. આ ચૂંટણીમાં છેલ્લે રામ મંદિરના મુદ્દે રૂપિયા વહેંચીને માર્કેટિંગ કરવા છતાં વકીલાત કરવા નીકળેલા ભક્તોને પ્રજાએ લપડાક મારી છે. રાજ્યમાં કાયદો-વ્યવસ્થા કથળવા સાથે હોમવર્ક વિના જીએસટી અને નોટબંધીના નિર્ણયના કારણે જીડીપી અને વેપાર ઘટવાની સાથે બેકારીમાં વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે, હુંના અહંકારમાં દર વર્ષે ચૂંટણીઓ માત્ર ભાષણબાજી કરી બોગસ વચનો આપનાર ભાજપે કોઈ વચનો પુરા કર્યા નથી. આથી પ્રજાએ મત નહીં આપી ૨૦૧૯માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે ટ્રેલર બતાવી પરિવર્તન લાવી શકતા હોવાનો વિશ્વાસ વ્યકત કર્યો છે. શંકરસિંહ વાઘેલાએ પરિણામોમાં વિલંબ અંગે ચૂંટણી પંચ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, આ પરિણામોથી વિપક્ષોના મહાગઠબંધનના પ્રયાસોને બળ મળશે. બે દિવસ પહેલા મળેલી બેઠકમાં ૧૮ રાજકીય પક્ષના હકારાત્મક વલણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, અગાઉ ડો. મનમોહનસિંહે ૧૦ વર્ષ સુધી ગઠબંધન સરકાર ચલાવી છે.

## જસદણ પેટા ચૂંટણીમાં ભાજપ હવે એડી ચોટીનું જોર લગાવશે

અમદાવાદ,તા.૧૧

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો જોઈ ગુજરાત ભાજપ ફફડી ઉઠયું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસનો પંજાનો તરખાટ ફરી વળતાં ભાજપના સૂપડા સાફ થઈ ગયો છે. પાંચ રાજયોના પરિણામનો ટ્રેન્ડ અને જનતાનો મિજાજ જોઈ ગુજરાત ભાજપમાં રીતસરની ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. કારણ કે, ગુજરાતમાં આગામી તા.૨૦મી ડિસેમ્બરે જસદણનો જંગ ખેલાવાનો છે. જો ભૂલેચૂકે જસદણની પેટા ચૂંટણીમાં ભાજપ હાર્યુ અને તેમના કેબીનેટ પ્રધાન કુંવરજી બાવળિયાનું કમળ કરમાયું તો, ભાજપની હાલત તો ભારે કફોડી બનશે. ખાસ કરીને આ બેઠકને લઈ હવે મોદી અને અમિત શાહની પ્રતિષ્ઠા જાણે દાવ પર લાગી છે. કારણ કે, ભાજપ અને કોંગ્રેસ બંને માટે આ બેઠકની જીત ઈજ્જતના સવાલ સમાન છે. એકબાજુ, કોંગ્રેસ હાઈકમાન્ડે આ બેઠક કોઈપણ ભોગે જીતવા અને તેની વ્યૂહરચનામાં લાગી જવા ગુજરાત કોંગ્રેસને પહેલેથી જ તાકીદ કરી દીધી છે ત્યારે હવે ભાજપના હાઈકમાન્ડ દ્વારા પણ પાંચ રાજયોના પરિણામ બાદ જસદણની જનતાનો ગુસ્સો પણ કયાંય ભાજપ પર ના ફુટે તે માટે હવે ભાજપ હાઈકમાન્ડ જસદણની જીત માટે ખાસ માર્ગદર્શન અને રણનીતિ અમલી બનાવે તેવી શકયતા છે. ગત ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૨૦ વર્ષમાં સૌથી ઓછી બેઠકો(૯૯) મળી હતી, માત્ર એટલું જ નહીં જસદણ વિધાનસભાની પેટાચૂંટણીમાં રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા લડી રહ્યા છે.